सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૪/૦૮/૨૦૨૦
નોંધ્યા તારીખ :– ૨૪/૦૮/૨૦૨૦
**ફેંસલ તારીખ :– ૦૮/૦૬/૨૦૨૬**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૫ – ૦૯ – ૧૫

---

**મહેરબાન વિસાવદરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

---

**<u>આંક :–૫૬</u>**

**<u>ફોર્મ–'એ'</u>**

(ચુકાદાની તારીખ :–૦૮/૦૬/૨૦૨૬)

**ફોજદારી કેસ નંબર :–૧૪૭/૨૦૨૦**

(પ્રથમ બાતમી નં. II ૧૦૮/૨૦૧૯)

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** (૧) અમીનભાઈ જીકરભાઈ ચોટલીયા,
રહે.ગૌરીશંકર વાળી શેરી,
બિલખા, તા.જી.જુનાગઢ.

(૨) કાદુભાઈ ઉર્ફે ધીરૂભાઈ ભાદાભાઈ બારડ,
ઉ.વ.૪૫, ધંધો–વેપાર,
રહે.અમરાપુર,તા.સુત્રાપાડા,
જી.ગીર સોમનાથ.

**આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.બી.જોષી**

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૮/૦૭/૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૪/૧૨/૨૦૧૯ |
| ચાર્જશીટ તારીખ | ૧૭/૦૩/૨૦૨૦ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૬/૦૬/૨૦૨૫ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## આરોપીઓની વિગતો

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **હાજર રહયા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | અમીનભાઈ જીકરભાઈ ચોટલીયા | ૦૧/૦૩/૨૦૨૦ | ૦૨/૦૩/૨૦૨૦ |
| ૨. | કાદુભાઈ ઉર્ફે ધીરૂભાઈ ભાદાભાઈ બારડ | ૧૫/૦૩/૨૦૨૦ | ૧૬/૦૩/૨૦૨૦ |
| **આક્ષેપિત ગુના** | **છોડી મૂકેલ છે કે સજા કરેલ છે.** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** |
| આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજ વસ્તુ ઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૩,૪, ૮ અને ૯ મુજબ | નિર્દોષ | – | – |

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

## ફોર્મ–'સી'

## એ. ફરીયાદ પક્ષ તરફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું.નં. | આંક | સાહેદ તથા દસ્તાવેજનુ નામ |
|---|---|---|
| ૧. | ૩૦ | આરોપીની ઘરની જડતી તપાસ કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં.૧ આરીફભાઈ ઈસ્માઈલ ભાઈ મોદીની જુબાની |
| ૨. | ૩૧ | આરોપીની ઘરની જડતી તપાસ કર્યા અંગેનું પંચનામુ |
| ૩. | ૩૨ | આરોપીની ઘરની જડતી તપાસ કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં.૨ ગફારભાઈ હબીબભાઈ હમીરકાની જુબાની |
| ૪. | ૩૩ | મુદામાલ વાહન તથા ગેરકાયદેસર અનાજનો જથ્થો કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં.૧ અનિધ્ધભાઈ કનુભાઈ ચાવડાની જુબાની |
| ૫. | ૩૪ | મુદામાલ વાહન તથા ગેરકાયદેસર અનાજનો જથ્થો કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૬. | ૩૫ | મુદામાલ વાહન તથા ગેરકાયદેસર અનાજનો જથ્થો કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં. ૨ ભરતભાઈ રામજીભાઈ ગોહિલની જુબાની |
| ૭. | ૩૬ | આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ ની શરીર સ્થિતિ ના અટક પંચનામાના પંચ સાહેદ નં.૧ મનીષભાઈ ચંદુભાઈ ચૌહાણની જુબાની |
| ૮. | ૩૭ | આરોપી નં. ૧ ની શરીર સ્થિતિનું અટક પંચનામું |
| ૯. | ૩૮ | આરોપી નં. ૨ ની શરીર સ્થિતિનું અટક પંચનામું |

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | |
|---|---|---|
| ૧૦. | ૩૯ | આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ ની શરીર સ્થિતિ ના અટક પંચનામાના પંચ સાહેદ નં.૨ સુરેશભાઈ જગજીવનભાઈ સાદરાણીની જુબાની |
| ૧૧. | ૪૧ | ફરીયાદી નિવૃત મામલદાર યોગેશજતી રેવાજતી ગોસાઈની સોગંદ ઉપરની જુબાની |
| ૧૨. | ૪૨ | આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૧ ની કલમ –૩ ના ભંગ બદલ કલમ–૭ હેઠળ કામગીરી કરવાનો હુકમ |
| ૧૩. | ૪૩ | સીઝર હુકમ |
| ૧૪. | ૪૪ | અસલ ફરીયાદ |
| ૧૫. | ૪૭ | સાહેદ ભરતભાઈ જાદવભાઈ મારૂની જુબાની |
| ૧૬. | ૫૩ | તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ., જેન્તીભાઈ પુંજાભાઈ મેતાની જુબાની |

---

**ગુનો :– આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજ વસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા–૩,૪, ૮ અને ૯ મુજબ.**

---

## ***<u>J U D G E M E N T</u>***

(૧) સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે, આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩ ના ભંગ બદલ કલમ–૭ હેઠળ કામગીરી કરવા બાબતે જીલ્લા કલેકટરશ્રી સૌરભ પારધીનાઓએ ફરીયાદી યોગેશજતી ગોસાઈને ફરીયાદ કરવા બાબતે હુકમ કરેલ. ત્યારબાદ ફરીયાદી યોગેશજતી ગોસાઈએ કામગીરી સંભાળી લઈ વિસાવદર શહેરમાંથી માંડાવડ ચોકડી તરફ

આવતા ટ્રક નં.જી.જે.૧૬ વી.૪૮૦૭ ને પોલીસ સ્ટાફ દ્વારા રોકી ટ્રકમા આવશ્યક ચીજ વસ્તુ ધારા મુજબ ચોખાના કટા નંગ–૨૯૮ મળી આવતા કાર્યવાહી કરેલ અને વિસાવદર મામલતદારશ્રીની કચેરીમાં સોપવામા આવેલ હતા. જે બાબતે ફરીયાદી યોગેશજતી ગોસાઈ દવારા કબજે લેવાયેલ તમામ ચીજવસ્તુઓની તપાસ કરતા જથ્થાની ખરીદી તથા વેચાણ માટેના કોઈ હીસાબો રજુ થયેલ ન હોય અને ગેરધોરણે નિકાલ કરવાની આરોપીઓ એ તજવીજ કરેલ હોય તેવુ સ્પષ્ટ જણાતુ હોય અને આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા–૩,૪, ૮ અને ૯નો ખુલ્લો ભંગ કરેલ હોવાનું ફલીત થાય છે. આરોપી અમીનભાઈ ચોટલીયાની હકિકત જિલ્લા પુરવઠા નિરીક્ષક જુનાગઢ સમક્ષ લેવાયેલ નિવેદનમાં રજુ થયેલ છે કે,''તેઓ આ પ્રકારનો કોઈ વેપાર કે ધંધો કરતા નથી.'' પરંતુ તા.૧૯/૦૯/૨૦૧૯ સુનવણી વખતે લેખિત ખુલ્લાસા રજુ થયેલ છે કે,'' વિસાવદર તાલુકાના ગામડાઓમાં ફેરીયાઓ ફેરી કરી ભંગારના સામાનની ખરીદી સાથે ઘંઉ, ચોખા વિગેરેની ખરીદી કરી અને જે જથ્થો એકઠો થાય છે તે આ કામના આરોપી અમીનભાઈ વેચાણથી રાખે છે તેમજ ફેરીયાઓ ને કમીશન આપે છે તથા ૨૫ ફેરીયાઓના સોંગંદનામા રજુ થયેલ તેઓ એ જણાવેલ છે કે, આવો વેપાર વર્ષોથી ચાલે છે.

તેમજ આરોપી કાદુભાઈ ઉર્ફે ધીરૂભાઈ બારડનુ નિવેદન કાર્યક્ષેત્રના બહારના કારણે જીલ્લા પુરવઠા નિરીક્ષક ગીર સોમનાથ સમક્ષ થયેલ નિવેદન મુજબ તેઓએ આરોપી અમીનભાઈ જીકરભાઈ પાસેથી અવારનવાર વેપાર કરતા હોવાનુ જણાવેલ. સદરહું જથ્થો ફરીયાદી યોગેશજતી ગોસાઈએ પંચો

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

રૂબરૂ કબજે કરી સીઝ કરાવેલ. ત્યારબાદ સીઝ થયેલ ચોખા અમીનભાઈ મારફત ટ્રકમાં અન્ય કોઈ જગ્યાએ ફેરો કરતા મોકલતા હોવાની તેઓને જાણ નથી તેવુ આરોપી કાદુભાઈ એ જણાવેલ છે તેમજ સુનાવણી સમયે કોઈ ખરીદ કરેલ નથી તે તેઓએ રકમની લેવડ–દેવડ કરવાની રહેતી નથી. તે બાબતે તેઓ પાસે કોઈ વાઉચર નથી તેવુ જણાવેલ. આરોપી અમીનભાઈ જીકરભાઈ તથા ભરતભાઈ જાદવભાઈના જણાવ્યા મુજબ આરોપી કાદુભાઈ પાસેથી ટ્રક ભાડે કરી ચોખાનો જથ્થો તેમના ધ્વારા ખરીદ કરેલ અને બાદમા ચોખાનો જથ્થો સીઝ કરવામા આવતા ચોખાનો જથ્થાની ખરીદી કર્યા અં ગેનો ઈન્કાર કરેલ. જે બાબતે વિસંગતતા જણાયેલ છે.ફરીયાદી યોગેશજતી ગોસાઈએ આરોપીઓ સામે ધોરણસરની સરકાર તરફે ફરીયાદ આપેલ છે. ત્યારબાદ વિસાવદર પોલીસ સ્ટેશને બનાવ બાબતે ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપીઓ સામે આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા–૩,૪, ૮ અને ૯ મુજબના ગુનાનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ.

(૨) આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭** ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્યે આપી આરોપીઓ વિરુધ્ધ **આંક –૫૫ થી તહોમતનામું** ફરમાવી **આંક–૫૬ થી આંક–૫૭** સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષ નો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૩) ફરીયાદપક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, તેમજ ફરીયાદ પક્ષનાં રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીઓનું **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩** વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓ તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી,સંભળાવી,સમજાવતા આરોપીઓ એ મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું,ખોટો પુરાવો હોવાનું જણાવે છે. તેમજ આરોપીઓને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોંગદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતા આરોપી ઓએ તેમના બચાવ માં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપી ઓને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે,તેઓની સામે ખોટો કેસ કરેલ છે. ત્યાર બાદ આ કામે પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીઓની ભારપુર્વકની મૌખીક દલીલો સાંભળી તથા રેકોર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

(૪) ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે,આરોપીઓએ તા. ૨૮/૦૮/૨૦૧૮ ના રોજ ટ્રક રજી.નં.GJ–16–V–4807 વાળામાં આવશ્યક ચીજવસ્તુ ચોખાનો જથ્થો ભરેલ કટા નં.૨૯૮ જે ચોખા આશરે કુલ કિલ્લો ૧૬,૨૧૦/–જેની આશરે કુલ કિં.રૂા. ૪,૮૬,૩૦૦ /–નો ગેરકાયદેસર ધોરણે ભરી ગેરકાયદેસર વેપાર કરી ગુનો કરેલ છે ?

(૨) આખરી શું હુકમ ?

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૫) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

**<u>:: કા ર ણો ::</u>**

(૬) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી ઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૭) સદર કામે પુરવાની વિસ્તૃતમાં ચર્ચા કરતા આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા–૩,૪, ૮ અને ૯ મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે, જે નીચે મુજબ છે.

**<u>આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૩ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.</u>**

(૧) શું આરોપીઓએ આવશ્યક ચીજવસ્તુઓનો વેપાર, સંગ્રહ, ખરીદી કે વેચાણ માટે સતાવાર લાયસન્સ મેળવેલ છે ? **અથવા**

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

શું આરોપીઓએ આવશ્યક ચીજવસ્તુઓનો વેપાર, સંગ્રહ, ખરીદી કે વેચાણ માટે સતાવાર લાયસન્સ માટે નિર્ધારિત અધિકારી સમક્ષ અરજી કરેલ છે ?

**આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૪ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીઓએ સતાવાર લાયસન્સ મેળવી સરકાર દવારા નકકી કરેલી શરતોનું પાલન કરેલ છે ?

(૨) શું આરોપીઓએ માલનો જથ્થો, ભાવ, વેચાણની રીત વિગેરે નિયમ મુજબ કરેલ છે ?

(૩) શું આરોપીઓએ સ્ટોક રજીસ્ટર, ખરીદી વેચાણના હિસાબો વિગેરે નિયમ મુજબ કરેલ છે ?

**આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૮ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.**

(૧) શું આરોપીઓએ ખરીદી, વેચાણ અને સ્ટોકનો સાચો હિસાબ તેમજ સ્ટોક રજીસ્ટર, બિલ, વાઉચર અને અન્ય દસ્તાવેજોની જાળવણી કરેલ છે ?

(૧) શું આરોપીઓએ પોતાની તપાસ દરમિયાન સતાધિકારી ને જરૂરી દસ્તાવેજો રજુ કરેલ છે ?

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**<u>આવશ્યક ચીજવસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૯ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.</u>**

(૧) શું આરોપીઓએ આવશ્યક ચીજવસ્તુઓના વેપારના નિયમોનો ભંગ કરેલ છે ?

(૮) ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત મુજબના તત્વો સાબીત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સાબીત કરવા માટે **આંક–૪૧** થી ફરીયાદી નિવૃત મામલદાર **યોગેશજતી રેવાજતી ગોસાઈ**નાઓને તપાસેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં બનાવ બનેલ અંગેનું વર્ણન કરતી જુબાની આપેલ છે. તેમની સરતપાસમા ફરીયાદી ટુંકમાં જણાવે છે કે,''આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩ ના ભંગ બદલ કલમ–૭ હેઠળ કામગીરી કરવા બાબતે જીલ્લા કલેકટરશ્રી સૌરભ પારધી નાઓએ અમોને ફરીયાદ કરવા બાબતે હુકમ કરેલ જે હુકમ આંક–૪૨ થી રજુ રાખેલ છે. ત્યારબાદ અમોએ કામગીરી સંભાળી લઈ વિસાવદર શહેરમાંથી માંડાવડ ચોકડી તરફ આવતા ટ્રક નં. જી.જે.૧ ૬ વી. ૪૮૦૭ ને પોલીસ સ્ટાફ ધ્વારા રોકી ટ્રકમા આવશ્યક ચીજ વસ્તુ ધારા મુજબ ચોખાના કટા નંગ–૨૯૮ મળી આવતા કાર્યવાહી કરી વિસાવદર મામલતદારશ્રીની કચેરીમાં સોપવામા આવેલ હતા. જે બાબતે અમોએ કબજે લેવાયેલ તમામ ચીજવસ્તુઓની તપાસ કરતા

જથ્થાની ખરીદી તથા વેચાણ માટેના કોઈ હીસાબો રજુ થયેલ ન હોય અને ગેરધોરણે નિકાલ કરવાની આરોપીઓએ તજવીજ કરેલ હોય તેવુ સ્પષ્ટ જણાતુ હોય અને આ અધિનિયમનો ભંગ કરેલ હોય આરોપીઓના અમોએ નિવેદન લઈ જવાબ, ખુલાસા લીધેલ. ત્યારબાદ વિસાવદર તાલુકાના ગામડાઓમાં ફેરીયાઓ ફેરી કરી ભંગારના સામાનની ખરીદી સાથે ઘંઉ, ચોખા વિગેરેની ખરીદી કરી જથ્થો એકઠો થાય છે તે આ કામના આરોપી વેચાણથી રાખે છે તેમજ ફેરીયાઓને કમીશન આપે છે તથા ૨૫ ફેરીયાઓના સોંગંદનામા રજુ થયેલ તેઓએ જણાવેલ આવો વેવાર વર્ષોથી ચાલે છે તેમજ આ કામે આરોપી કાદુભાઈ ઉર્ફે ધીરૂભાઈ બારડનુ નિવેદન કાર્યક્ષેત્રના બહારના કારણે જીલ્લા પુરવઠા નિરીક્ષક ગીર સોમનાથ સમક્ષ થયેલ નિવેદન મુજબ તેઓએ આરોપી અમીનભાઈ જીકરભાઈ પાસેથી અવારનવાર વેપાર કરતા હોવાનુ જણાવેલ. સદરહું જથ્થો અમોએ પંચો રૂબરૂ કબજે કરી સીઝ કરાવેલ. જે સીઝર હુકમ આંક–૪૩ થી રજુ રાખેલ છે. ત્યારબાદ સીઝ થયેલ ચોખા અમીનભાઈ મારફત ટ્રકમાં અન્ય કોઈ જગ્યાએ ફેરો કરતા મોકલતા હોવાની તેઓને જાણ નથી તેવુ કાદુભાઈ એ જણાવેલ છે તેમજ સુનાવણી સમયે કોઈ ખરીદ કરેલ નથી તે તેઓએ રકમની લેવડ–દેવડ કરવાની રહેતી નથી. તે બાબતે તેઓ પાસે કોઈ વાઉચર નથી તેવુ જણાવેલ. અમીનભાઈ જીકરભાઈ તથા ભરતભાઈ જાદવભાઈના જણાવ્યા મુજબ કાદુભાઈ પાસેથી ટ્રક ભાડે કરી ચોખાનો જથ્થો તેમના ધ્વારા ખરીદ કરેલ અને બાદમા ચોખાનો જથ્થો સીઝ કરવામા આવતા ચોખાનો

જથ્થાની ખરીદી કર્યા અંગેનો ઈન્કાર કરેલ. જેથી અમોએ મજકુર અમીનભાઈ જીકરભાઈ તથા કાદુભાઈ બારડ સામે ધોરણસર ની સરકાર તરફે આંક–૪૪ વાળી ફરીયાદ આપેલ તેમજ આ કામે સાહેદોના નિવેદનો લઈ આગળની તપાસ પોલીસ ને સોપેલ.''

વળી, આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, મે જાતે બનાવવાળી જગ્યાએ જઈ કોઈ મુદામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે અમોને આ બનાવ અંગેની જાણ કરેલી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ તા.૨૮/૦૭/૨૦૧૮ ના રોજ બનેલ અને ફરીયાદ મા બનાવ જાહેર અંગેની તા. ૨૪/૧૨/૨૦૧૯ છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદ મુજબ હાલના આરોપીઓ મુદામાલ જાતે ખરીદ કરેલ હોય તેવુ ખુલેલ નથી.એ વાત ખરી છે કે કહેવાતો ગુનો જાહેર થયા બાદ તેની પ્રાથમિક તપાસ મુખ્ય પુરવઠાએ કરેલ હોય તેમણે કરેલ રીપોર્ટ મુજબ ગુનો બનતો હોય તેવુ જાહેર થતા મે કલેકટરશ્રીના હુકમ આધારે માત્ર આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે તે સિવાય અન્ય હકીકત હું જાણતો નથી. માત્ર રેકર્ડ આધારે હુ જુબાની આપુ છુ.''

જો ફરીયાદી જુબાની તેમજ ફરીયાદ એક સાથે જોવામાં આવે તો ફરીયાદી પોતાની જુબાનીમાં કબુલ રાખે છે કે, તેઓ એ જાતે બનાવવાળી જગ્યાએ જઈ કોઈ મુદામાલ કબજે કરેલ નથી.તેમજ કલેકટરશ્રીના હુકમ આધારે માત્ર આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે તે સિવાય અન્ય હકીકત તેઓ જાણતો નથી

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૧** થી આરોપીની ઘરની જડતી તપાસ કર્યા અંગેનું પંચનામુ રજુ રાખી **આંક–૩૦** થી પંચનામાના પંચ સાહેદ નં.૧ આરીફભાઈ ઈસ્માઈલભાઈ મોદીને તથા **આંક–૩૨** થી પંચ સાહેદ નં.૨ ગફારભાઈ હબીબભાઈ હમીરકાનાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''પોલીસે તેઓને તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી. આ કાગળોમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી.તેમજ પંચોએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેઓની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ રૂબરૂ તેમની પાસેથી કોઈ મોબાઈલ કબજે કરેલ નથી. તે સીવાય પંચનામાની વીગતે તેઓ કાંઈ જાણતા નથી.''

આમ, સદરહું પંચો ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દવારા પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે.તેમજ અદાલતની પરવાનગીથી આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ. જેમાં તેઓએ એવુ જણાવેલ છે કે,''પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહિ લીધેલી. આ સિવાય પંચનામાની વિગત વિશે તેઓ કંઈ જાણતા નથી.આમ,સદર કામના પંચોએ પંચનામાને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૪** થી મુદામાલ વાહન તથા ગેરકાયદેસર અનાજનો જથ્થો કબજે કર્યા અંગેનું પંચનામું રજુ રાખી **આંક–૩૩** થી પંચનામાના પંચ સાહેદ નં.૧ અનિધ્ધભાઈ કનુભાઈ ચાવડાને તથા **આંક–૩૫** થી પંચ સાહેદ નં.ર ભરતભાઈ રામજીભાઈ ગોહિલનાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંક માં જણાવે છે કે,''પોલીસે તેઓને તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી.આ કાગળોમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી. તેમજ પંચોએ પંચનામા માં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેઓની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ રૂબરૂ તેમની પાસેથી કોઈ મોબાઈલ કબજે કરેલ નથી. તે સીવાય પંચનામાની વીગતે તેઓ કાંઈ જાણતા નથી.''

આમ, સદરહું પંચો ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દવારા પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે.તેમજ અદાલતની પરવાનગીથી આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ. જેમાં તેઓએ એવુ જણાવેલ છે કે,''પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહિ લીધેલી. આ સિવાય પંચનામાની વિગત વિશે તેઓ કંઈ જાણતા નથી.આમ,સદર કામના પંચોએ પંચનામાને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૭** થી આરોપી નં. ૧ ની શરીર સ્થિતિનું અટક પંચનામું તથા **આંક–૩૮** થી આરોપી નં. ૨ ની શરીર સ્થિતિનું અટક પંચનામું રજુ રાખી **આંક–૩૬** થી પંચનામાના પંચ સાહેદ નં.૧ મનીષભાઈ ચંદુભાઈ ચૌહાણને તથા **આંક–૩૯** થી પંચ સાહેદ નં. ૨ સુરેશભાઈ જગજીવનભાઈ સાદરાણીને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમા જણાવે છે કે,'' પોલીસે તેઓને તૈયાર કાગળોમા સહીઓ કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરેલી.આ કાગળોમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. પોલીસના કહેવાથી તેઓએ સહિઓ કરેલી.તેમજ પંચોએ પંચનામા માં પોતાની સહિ ઓળખી બતાવેલ છે.તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેઓની રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ રૂબરૂ તેમની પાસેથી કોઈ મોબાઈલ કબજે કરેલ નથી. તે સીવાય પં ચનામાની વીગતે તેઓ કાંઈ જાણતા નથી.''

આમ, સદરહું પંચો ફરીયાદપક્ષની હકિકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દવારા પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે.તેમજ અદાલતની પરવાનગીથી આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ. જેમાં તેઓએ એવુ જણાવેલ છે કે,''પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહિ લીધેલી. આ સિવાય પંચનામાની વિગત વિશે તેઓ કંઈ જાણતા નથી.આમ,સદર કામના પંચોએ પંચનામાને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮.૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૪૭** થી સાહેદ **ભરતભાઈ જાદવભાઈ મારૂ**થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસમા સાહેદ ટુંકમાં જણાવે છે કે,''તેઓ ટ્રક ડ્રાઈવીંગ તેમજ ટ્રકનું ભાડું કરે છે. તમો આરોપી અમીનભાઈએ વિસાવદર ગોડાઉનમાંથી મજુરો દવારા ઘઉંના બદલે ચોખાના કટા નંગ–૨૯૮ તેઓના ટ્રકમાં ભરી દીધેલ. બાદ તેઓ ટ્રક લઈને માંડાવડ ચોકડી પાસે પહોંચતા શંકાના આધારે તેઓનો ટ્રક રોકાવી ટ્રકમાં ભરેલ કટા ચેક કરતા આ કટા રેશનિંગના હોય તે શંકાના આધારુ ટ્રકને પો.સ્ટે.ને લઈ ગયેલ.તમો આરોપી અમીનભાઈએ ઘઉંના બદલે ચોખાના કટા ભરી દીધેલ તે બાબતે તેઓને કાંઈ ખબર નથી.''વળી,આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, હું કાદુભાઈ અમરાપુરવાળાને ઓળખતો નથી.એ વાત ખરી છે કે, હું આરોપીઓ ને ઓળખતો નથી.એ વાત ખરી છે કે,આ ગુનાનું વાહન મે મોકલેલુ. એ વાત ખરી છે કે, હું આ બનાવ વિશે કાંઈ જાણતો નથી.''

સદર સાહેદની જુબાની પરથી જણાય આવે છે કે, તેઓ આરોપીઓને ઓળખતા નથી.તેમજ બનાવ વિશે કાંઈ જાણતા નથી.

(૮.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૫૩** થી તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ., **જેન્તીભાઈ પુંજાભાઈ મેતા** ને તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસમા ત.ક.અ. ટુંકમા જણાવે છે કે, ''તેઓ ૨૦૨૦ ના અરશામાં વિસાવદર પો.સ્ટે.માં પો. હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયગાળા દરમ્યાન તત્કાલીન મામલતદાર વાય.આર. ગોસાઈનાઓએ તેમની ફરજના ભાગરૂપે આવશ્યક ચીજવસ્તુ ધારાની

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

કલમ–૩ અને ૭ હેઠળ તમો આરોપીઓ વિરૂધ્ધ બીન હીસાબી ચોખાના કટા નંગ–૨૯૮ નુ ટ્રકમાં વહન કરવા અંગેની ફરીયાદ નોં ધાવેલ.સદર ગુનાની પ્રથમ તપાસ પો. હેડ કો.એન. ડી.સોલાનાઓએ સોપેલ.તેઓએ આ કામે રેડની તમામ કામગીરી રેવન્યુ ઓથોરીટી એ કરેલ હોય તેના સાધનીક કાગળો પંચ રોજકામ, સીઝર હુકમ તથા કલેકટરશ્રીએ તમો આરોપી ઓ સામે ફરીયાદ કરવા માટે કરેલ લેખીત હુકમ વિગેરે તપાસના કામે મેળવેલ. ત્યારબાદ આગળની તપાસ એ.એસ.આઈ. ડી.કે.સુરેજા નાઓએ સંભાળેલ. ત્યારબાદ આગળની વધુ તપાસ તેઓને મળતા તેઓએ તપાસના પંચોની હાજરીમાં તમો આરોપીઓની અટક કરી હાજર રહેવાની નોટીસ આપેલ અને ત્યારબાદ આરોપી ઓ સામે પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલ.''

વળી,આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા તપાસ કરનાર અમલદાર ની ઉલટતપાસમાં તેઓએ એવુ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, મારા અગાઉના કર્મચારી એ જે તપાસ કરેલ તેના આધારે મે આરોપી ને નોટીસ આપેલી. એ વાત ખરી નથી કે મારા અગાઉના કર્મચારીની તપાસને અનુરૂપ તમામ નિવેદન અમોએ જાતે નોંધેલ છે. એ વાત ખરી નથી કે આ કામના આરોપીને અમોએ ખોટી રીતે અટક કરેલ છે. એ વાત ખરી નથી કે તમામ પંચનામાઓ અમોએ જાતે તૈયાર કરી તૈયાર પંચનામાઓમા પાછળથી પંચો ની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન મે કોઈ ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલ નથી.એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો

પુરાવો નહી હોવા છતા ખોટી તપાસ કરી,ખોટુ ચાર્જશીટ કરી, આજરોજ ખોટી જુબાની આપુ છુ.''

આમ, સદર કામના તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની જોતા માલુમ પડે છે કે,તેઓએ તપાસના કામે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી.

(૦૯) સરકારશ્રીના વિધ્વાન એ.પી.પી.શ્રી પોતાની મૌખિક દલીલમાં જણાવેલ કે, સદર કામે ફરીયાદીનાઓએ ફરીયાદપક્ષને પુરેપુરૂ સમર્થન આપતી જુબાની આપેલ છે. જેથી તેઓ સદર કામે આરોપીઓને આક્ષેપાયેલ ગુનામા કડક સજા થાય તે અંગે રજુઆત કરે છે. વળી,આરોપીઓના વિ.વકિલ શ્રી પોતાની મૌખિક દલીલમાં નામદાર કોર્ટમાં જણાવે છે કે,ફરીયાદ પક્ષ ના સાહેદોની ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાન દોરેલ છે અને ફરીયાદપક્ષે રજુ ફરીયાદીનો પુરાવો ખુદ ફરીયાદ હકિકત થી વિપરીત હોવાથી આ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**પુરાવાઓનું મુલ્યાંકન :–**

(૧૦) આમ, ફરિયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવા માટે તપાસેલ તમામ સાહેદોનો મૌખીક તથા રજુ થયેલ લેખીત પુરાવો ધ્યાન પર લેવામા આવે તો આક્ષેપીત ફરીયાદ હકીકત મુજબ તત્કાલીક મામલતદાર અને આ કામના ફરીયાદી નિવૃત મામલદાર યોગેશજતી રેવાજતી ગોસાઈનાઓએ વિસાવદર શહેરમાંથી માંડાવડ ચોકડી તરફ આવતા ટ્રક નં.જી.જે.૧૬ વી. ૪૮૦૭ ને પોલીસ સ્ટાફ ધ્વારા રોકી ટ્રકમા આવશ્યક ચીજ વસ્તુ ધારા મુજબ

બિનઅધિકૃત અનાજનો જથ્થો (ચોખાના કટા નંગ–૨૯૮) કબજે કરેલ. ત્યારબાદ વિસાવદર તાલુકાના ગામડાઓમાં ફેરીયાઓ ફેરી કરી ભંગાર ના સામાનની ખરીદી સાથે ઘંઉ, ચોખા વિગેરેની ખરીદી કરી જથ્થો એકઠો થાય છે તે આ કામના આરોપી વેચાણથી રાખે છે તેમજ ફેરીયાઓને કમીશન આપે છે. તપાસણી કરતા ફરીયાદ હકિકતમાં જણાવ્યા મુજબનો બિનહિસાબી ઘંઉ અને ચોખાનો જથ્થો આંક–૪૩ થી રજુ કરવામાં આવેલ સીઝર હુકમ આધારે સીઝ કરેલ અને સ્થળ પંચરોજકામ કરી,સ્થળ ઉપર મળી આવેલ આરોપી અમીનભાઈ તથા આરોપી કાદુભાઈનું કબુલાત સ્વરૂપનું નિવેદન લીધેલ. ત્યારબાદ આ કામે ફરીયાદી દવારા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપવામાં આવેલ. આ કામના તપાસ કરનાર અમલદાર એ.એસ. આઈ. જેન્તીભાઈ પુંજાભાઈ મેતાનાઓએ રેવન્યુ ઓથોરીટી દવારા કરવામાં આવેલ સીઝર હુકમ, પંચરોજકામ આધારે આ કામના આરોપીઓ વિરુધ્ધ ચાર્જસીટ કરેલાનું જણાય આવે છે.તપાસ કરનાર અમલદાર દવારા આ કામે સાહેદ તરીકે માત્ર બે વ્યકિતઓ ફરીયાદી શ્રી નિવૃત મામલતદાર યોગેશભાઈ ગોસાઈ તેમજ સાહેદ ભરતભાઈ મારૂને સાહેદ તરીકે લેવામાં આવેલ છે.જેઓએ પણ પોતાની જુબાનીમાં ફરીયાદ હકિકતને સમર્થન મળે તેવી જુબાની આપેલ નથી.તેમજ સદર કામે રજુ થયેલ આંક–૩૧ થી આરોપીની ઘરની જડતી તપાસ કર્યા અંગેના પંચનામાના પંચો તથા આંક –૩૪ થી મુદામાલ વાહન તથા ગેરકાયદેસર અનાજનો જથ્થો કબજે કર્યા અંગેના પંચનામાના પંચો તથા આંક–૩૭ થી આરોપી નં. ૧ ની શરીર સ્થિતિ નું અટક પંચનામુ તથા આંક–૩૮ થી આરોપી નં. ૨ ની શરીર સ્થિતિનું અટક પંચનામાના પંચોને સદર કામે ફરી ગયેલા(હોસ્ટાઈલ) સાહેદો તરીકે જાહેર

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

કરવામાં આવેલ છે.જેથી તેઓની જુબાનીથી પણ ફરીયાદ હકિકતને સમર્થન મળેલ નથી.

**(૧૧)** મામલતદારશ્રી દવારા જે વાહનમાંથી પ્રથમ બિનઅધિકૃત અનાજનો જથ્થો કબજે કરવામાં આવેલ. તે વાહન કોની માલીકીનું હતુ તેમજ હાલના આરોપીઓ કયા દરજજે તેનો વેપાર, ઉપભોગ કરતા હતા તે બાબતે કોઈ તપાસ થયેલ ન હોવાનું રેકર્ડ ઉપરથી જણાય છે. વધુમા ફરીયાદપક્ષની આક્ષેપીત હકીકત મુજબ આ કામના આરોપીઓ પાસેથી કબજે લેવામા આવેલ બીનહીસાબી અનાજનો જથ્થો કોની પાસેથી મેળવેલ છે કે ખરીદ કરેલ છે તે અંગે પુરવઠા વિભાગ કે તપાસ કરનાર અમલદાર ધ્વારા ફળદાયી હકીકત આ કામે રજુ થયેલ નથી. પોલીસ એજન્સી ધ્વારા મામલતદારશ્રીએ કરેલ કાર્યવાહીને તપાસના કામે સામેલ રાખી ઔપચારીક રીતે આરોપીઓ સામે ચાર્જશીટ કરેલાનુ આ અદાલતને જણાય છે. ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામા આવેલ સાહેદો તથા રજુ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ પોતાાનો હાલનો કેસ નિ:શંકપણે સાબીત કરવામા નીષ્ફળ નીવડેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. આમ જે સાહેદોનો પુરાવો હાલના કામે રજુ થયેલ છે તેમના પુરાવાના આધારે ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પણે પુરવાર થતો નથી. આમ, આ કામના આરોપીઓએ તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ ટ્રક રજી.નં.GJ–16–V–4807 વાળામાં આવશ્યક ચીજવસ્તુ ચોખાનો જથ્થો ભરેલ કટા નં.૨૯૮ જે ચોખા આશરે કુલ કિલ્લો ૧૬,૨૧૦/–જેની આશરે કુલ કિં.રૂા. ૪,૮૬,૩૦૦/–નો ગેરકાયદેસર ધોરણે ભરી ગેરકાયદેસર વેપાર કરી અનઅધીકૃત રીતે આવશ્યક ચીજવસ્તુ ખરીદી, સંગ્રહ, વહન વેચાણ કરતા મળી આવી આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની

જોગવાઈઓ તથા આવશ્યક ચીજ વસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા –૩,૪, ૮ અને ૯ મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

(૧) આ કામના આરોપી નં.(૧)અમીનભાઈ જીકરભાઈ ચોટલીયા, રહે.ગૌરીશંકર વાળી શેરી,બિલખા, તા.જી.જુનાગઢ તથા નં. (૨) કાદુભાઈ ઉર્ફે ધીરૂભાઈ ભાદાભાઈ બારડ,ઉ.વ.૪૫, ધંધો–વેપાર, રહે.અમરાપુર,તા.સુત્રાપાડા,જી.ગીર સોમનાથનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આરોપીઓને આવશ્યક ચીજવસ્તુ અધીનિયમ ૧૯૫૫ ની જોગવાઈઓ તથા આવશ્યક ચીજ વસ્તુઓના વેપાર કરવા બાબતેના હુકમ ૧૯૭૭ ની કંડીકા–૩,૪, ૮ અને ૯ મુજબના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

(૨) સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓ જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીઓએ અપીલના સમય માટે રૂા. ૨૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

હુકમ આજ રોજ તારીખ **૦૮** મી માહે **જૂન** સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખ:–૦૮/૦૬/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

**(બી.એચ.ભટ્ટ)**
**જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર**